# સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ લીલીયા.

## SSIP AND INNOVATION CLUB

### "SSIP 2.0 WORKSHOP (સેમીનાર) "

તા:૨૮/૦૯/૨૦૨૪

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયા માં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) અંતર્ગત તા.28 -09-2024 ના રોજ કોલેજના આચાર્ય શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ એ.રાઠોડ (GES ક્લાસ -1 (C B))સાહેબના માર્ગદર્શન અને નેતૃત્ત્વમાં એક સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. સરકાર શ્રી દ્વારા વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે અને પોતાનું સ્ટાર્ટ અપ દ્વારા નોકરી દાતા બની શકે તેવા ઉમદા હેતુથી આ SSIP પોલિસી અમલમાં છે. આમ આ કોલેજના વિદ્યાર્થીઓ પોતાની અંદર રહેલી ઈનોવેશ ક્ષમતાને ઉજાગર કરી કઈક નવા આઇડયા દ્વારા નવું ઈનોવેશન કરી શકે તે હેતુથી આ સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું.

સેમિનારમાં ડૉ. શબીર એ. પરમાર(આસી.પ્રોફેસર અંગ્રેજી), ડૉ. ભારત ખેની(આસી. પ્રોફેસર ગુજરાતી)અને પ્રા. સુભાષ એન. ઓડેદરા(આસી. પ્રોફેસર સમાજશાસ્ત્ર) દ્વારા SSIP પોલિસી અને ઈનોવેશ અંગેની ઊંડાણ પૂર્વકની માહિતી કોલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.બહોળી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ સેમિનારમાં ઉત્સાહ સભર ભાગ લીધેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ અધ્યાપકશ્રીઓએ મહત્વની ભૂમિકા નિભાવી હતી..આમ આ સેમિનાર સરસ અને સુંદર રીતે સફળ થયો.






